વંચાણમાં:- અત્રેની કચેરીના પત્ર ક્રમાંકઃનકૃયુ/રજી/અ- ૩- ૧/ સિકયુરીટી/ વર્કઓડર/ ૧૪૨૩૯ -૪૬ /૨૦૧૫. તાઃ-૦૧/૦૯/૨૦૧૫

# -:પરિપત્રઃ-

ઉપરોકત વંચાણમાં લીધેલ વર્કઓર્ડરથી નવસારી કૃષિ યુનિવર્સિટીની સિકયુરીટી સેવાઓ તાઃ૦૩.૦૯.૨૦૧૫ થી તાઃ૦૨.૦૮.૨૦૧૬ સુધી ૧૧(અગીયાર) માસ માટે સાંઈ સિકયુરીટી ઓર્ગેનાઈઝેશન, યુ/જી-૩૨, સંઘવી ટાવર-૫, અડાજણરોડ, નવાપુલ પાસે, સુરતને સોંપવામાં આવતા તેમની સાથે કરવામાં આવેલ કરાર તેમજ તેઓની પાસેથી મેળવવાનું રહેતુ બાહેંધરી પત્રની નકલ આ સાથે જાણ અર્થે તેમજ તે અંગે જરૂરી કાર્યવાહી સારૂ સામેલ રાખેલ છે. જેથી સદર કરારમાં દર્શાવેલ શરતો અને બોલીઓ મુજબજ સીકયુરીટી સેવાઓનો અમલ કરવા યુનિવર્સિટીના તમામ યુનિટ/સબયુનિટ અધિકારીશ્રીને જણાવવામાં આવે છે.

મુસદ્દો મા.કુલસચિવશ્રીએ મંજૂર કરેલ છે.

ઈ/ચા.કુલસચિવ વતી
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

જા.નં.નકૃયુ/રજી/અ.૩.૧/ ૧૬૦૬૮-૧૧૭/૨૦૧૫.
નવસારી. તારીખઃ ૧૨/૧૦/૨૦૧૫.

**નકલ સવિનય રવાનાઃ-**

નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી મુખ્ય મથક અને પેટા કેન્દ્રોના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીને જાણ તથા અમલ થવા સારૂ.

भारतीय गैर न्यायिक

एक सौ रुपये

Rs. 100

रु. 100

ONE HUNDRED RUPEES

सत्यमेव जयते

भारत INDIA

INDIA NON JUDICIAL

ગુજરાત गुजरात GUJARAT

AN 395609

02 SEP 2015

રજી. નં. ૧૯૧૮-૨ તારીખ............

હસ્તક

અમીષકુમાર દામજીભાઈ મકવાણા

અડાજણ રોડ, સુરત. સ્ટેમ્પ વેન્ડર

જનરલ સ્ટેમ્પ લા. નં. ૧/૯૯

કોર્ટ ફી સ્ટેમ્પ લા. નં. ૧/૯૯

સહી:-

**SAI SECURITY ORGANIZATION**
U/G-32, SANGHVI TOWER-5,
Adajan Road, Near New Bridge,
SURAT-395 009.

Nikita Gaikwad.

## : બાહેંધરી પત્ર :

## (ટેન્ડરની શરત નં.૨૫ અને ૪૨ આધિન)

આથી હું નીચે સહી કરનાર **સાંઈ સિકયુરીટી ઓર્ગેનાઝેશનના** સિકયુરીટી પ્રોપાઈટર તરીકે **શ્રી રાજવીરસિંઘ ટીકારામ માન,** ઉંમર આશરે ૫૩ વર્ષ, જાતે હિન્દુ, ધંધો સિકયુરીટી સર્વિસ, રહેવાસી યુ/જી–૩૨, સંઘવી ટાવર–૫, અડાજણરોડ, નવાપુલ પાસે, સુરત–૩૯૫ ૦૦૯ આ બાહેંધરી લખી આપું છુ કે, મને નવસારી કૃષિ યુનિવર્સિટીના મુખ્ય મથક અને તેના ૧૪(ચૌદ) પેટા કેન્દ્રોમાં સિકયુરીટી સેવાનો કોન્ટ્રાકટ **તા.૦૩.૦૯.૨૦૧૫** થી **તા.૦૨.૦૮.૨૦૧૬** સુધી અગિયાર માસ માટે સોપવામાં આવેલ છે. "સિકયુરીટી કંપની" સિકયુરીટી કોન્ટ્રાકટના સમયગાળા દરમ્યાન સરકારશ્રીના લઘુત્તમ વેતન ધારા–ધોરણ મુજબ સિકયુરીટી ગાર્ડ(સ્ટાફ)ને વેતન ચુકવશે તેની હું સિકયુરીટી કંપનીના પ્રોપાઈટર તરીકે લેખિત બાહેંધરી આપુ છું.

23-9-15

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી – ૩૯૬ ૪૫૦.**

SAI SECURITY ORGANIZATION * SURAT *



**For, Sai Security Organization**

**Proprietor**

કોન્ટ્રાકટના સમયગાળા દરમ્યાન સરકારશ્રી દ્વારા લઘુત્તમ વેતનધારાના દરોમાં જે કોઈ વખતોવખત સુધારા કરવામાં આવશે તો સિકયુરીટી કંપની દ્વારા જે ગાર્ડ(સ્ટાફ) રોકવામાં આવેલ છે તેઓને તે મુજબનોં વધારો "યુનિવર્સિટી" દ્વારા ચુકવવામાં આવશે. જે વધારો "સિકયુરીટી કંપની" ગાર્ડ(સ્ટાફ)ના બેંકખાતામાં જમા કરાવશે અને તેની જાણ "યુનિવર્સિટી" ને કરશે. સિકયુરીટીનો કરાર પુર્ણ થયા બાદ જો કોઈ વધારો ચુકવવાનો થાય તો તેની ચુકવણી કરવાની જવાબદારી "યુનિવર્સિટી"ની રહેશે નહી. તેની સંપુર્ણ જવાબદારી "સિકયુરીટી કંપની" ની રહેશે. તેમજ તે અંગે "યુનિવર્સિટી" દ્વારા કોઈપણ પ્રકારનું ચુકવણું કરવામાં આવશે નહી. આ માટે "સિકયુરીટી કંપની" એ જ ચુકવણી કરવાની રહેશે. આ અંગે નવસારી કૃષિ યુનિવર્સિટી પાસેથી વેતન દર વધારાની માંગણી "સિકયુરીટી કંપની" ના પ્રોપાઈટર તરીકે હું **શ્રી રાજવીરસિંઘ ટીકારામ માન**, કરીશ નહી તેની "યુનિવર્સિટી" ને બાંહેધરી આપુ છું.

તા.૨૩.૦૯.૨૦૧૫
નવસારી

SAI SECURITY ORGANIZATION SSO SURAT

"સિકયુરીટી કંપની"

સહી

For, Sai Security Organization
(signature)
Proprietor

નામ અને પુરેપરૂ સરનામુ RAJVEER SINGH TIKARAM SINGH MAAN
ઈ–મેલ એડ્રેસ RAJVEER40708 Yahoo COM
ટેલીફોન નંબર 0261-2795530, 2771269
મોબાઈલ નં 9824111062

રૂબરૂમાં

(signature) 23-9-15

ઇ/ચા.કુલસચિવ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી.

NAVSARI AGRICULTURE UNIVERSITY

નવસારી
તારીખ: ૨૩/૦૯/૨૦૧૫.

6157/2015

भारतीय गैर न्यायिक

एक सौ रुपये Rs. 100

रु. 100 ONE HUNDRED RUPEES

सत्यमेव जयते

भारत INDIA

INDIA NON JUDICIAL

ગુજરાત गुजरात GUJARAT

AN 395610

02 SEP 2015

રજી. નં. ૧૯૧૮-૨ તારીખ.........

હસ્તક

અમીતકુમાર દામજીભાઈ મકવાણા

અડાજણ રોડ, સુરત સ્ટેમ્પ વેન્ડર

જનરલ સ્ટેમ્પ લા. નં. ૧/૯૯

કોર્ટ ફી સ્ટેમ્પ લા. નં. ૧/૯૯

સહી:-

NOTARY PARIMAL P. VAIDYA NAVSARI DISTRICT REG.No. 1012 GOVERNMENT OF GUJARAT (INDIA)

**SAI SECURITY ORGANIZATION**
U/G-32, SANGHVI TOWER-5,
Adajan Road, Near New Bridge,
SURAT-395 009.

Nikita Gaikwad

NOTARY PARIMAL P. VAIDYA NAVSARI DISTRICT REG. NO. 1012 GOVERNMENT OF GUJARAT (INDIA)

## : સિકયુરીટી સેવા પુરી પાડવા અંગેનો કરાર :

૨૦૭૧ ભાદરવો સુદ દસમ તારીખ:૨૩/૦૯/૨૦૧૫ના અંગ્રેજી દિને આ કરાર લખી આપનાર સાંઈ સિકયુરીટી ઓર્ગેનાઝેશન, યુ/જી–૩૨, સંઘવી ટાવર–૫, અડાજણરોડ, નવાપુલ પાસે, સુરત–૩૯૫ ૦૦૯ ના સિકયુરીટી પ્રોપાઈટર શ્રી રાજવીરસિંઘ ટીકારામ માન, ઉંમર આશરે ૫૩ વર્ષ જાતે હિન્દુ, ધંધો – સિકયુરીટી સર્વિસ, રહેવાસી:– યુ/જી–૩૨, સંઘવી ટાવર–૫, અડાજણરોડ, નવાપુલ પાસે, સુરત:–૩૯૫ ૦૦૯ ને **"પ્રથમ પક્ષકાર"** અને આ કરાર લખાવી લેનાર "નવસારી કૃષિ યુનિવર્સિટી" વતી કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, એરૂ ચાર રસ્તા, તા.જલાલપોર જી. નવસારી તે **"બીજા પક્ષકાર"** વચ્ચે સિકયુરીટી સેવા પુરી પાડવા અંગે કરાર નીચે જણાવેલ શરતોને આધિન કરવામાં આવે છે. આ કરારમાં પ્રથમ પક્ષકારને **"સિકયુરીટી કંપની"** તથા બીજા પક્ષકારને **" યુનિવર્સિટી"** તરીકે સંબોધવામાં આવેલ છે."સિકયુરીટી કંપની" એ સદરહુ કરારની શરતોના ક્રમ નં.(૦૩)ત્રણમાં જણાવ્યા મુજબ "સિકયુરીટી કંપની" ના ભાવ મુજબ ભરવાપાત્ર સિકયુરીટી ડીપોઝીટ તરીકે રૂા.૧૬,૯૮,૦૦૦/– (અંકે સોળ લાખ અઠ્ઠાણું હજાર પુરા) સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, અડાજણરોડ, સુરતના ડી.ડી.નં.૧૪૬૭૪૦ તારીખ. ૦૨.૦૯.૨૦૧૫થી "એકાઉન્ટ ઓફીસર(કેશ), નવસારી એગ્રીકલ્ચર યુનિવર્સિટી" ના નામનો અત્રેની કચેરીને જમા કરાવવામાં આવેલ છે.

23-9-15

કુલસચિવ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી – ૩૯૬ ૪૫૦.

NAVSARI AGRICULTURE UNIVERSITY

SAI SECURITY ORGANIZATION SURAT



For, Sai Security Organization

Proprietor

NOTARY PARIMAL P. VAIDYA NAVSARI DISTRICT REG. NO. 1012 GOVERNMENT OF GUJARAT (INDIA)

## : કરારની શરતો :

| | |
|---|---|
| ૧ | "સિકયુરીટી કંપની"એ તાઃ૦૩/૦૯/૨૦૧૫ થી તાઃ૦૨/૦૮/૨૦૧૬ સુધી અગિયાર માસ માટે "યુનિવર્સિટી"ના મુખ્ય મથક અને૧૪(ચૌદ)પેટા કેન્દ્રોમાં સિકયુરીટી સેવા આપવાની રહેશે. જો સેવા સંતોષકારક ન જણાય તો કોન્ટ્રાકટ સમય ગાળો પુરો થતાં પહેલાં ગમે તે સમયે રદ કરવાની સત્તા યુનિવર્સિટી ધ્વારા નિમાયેલ કમીટી / માન.કુલપતિશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીને અબાધિત રહેશે. આ અંગે"સિકયુરીટી કંપની" કોઈપણ વાંધો લઈ શકશે નહી. |
| ૨ | આ કરાર "યુનિવર્સિટી"ના મુખ્ય કેન્દ્રમાં અને બહારના ૧૪(ચૌદ) પેટા કેન્દ્ર ખાતે તેમની સામે જણાવેલ સ્થળોએ સ્થાયી સિકયુરીટી ગાર્ડ ફીકસ ૨૪ (ચોવીસ) કલાક સેવામાં રાખવાના રહેશે. દરેક ગાર્ડની ૮:૦૦ કલાકની ફરજ ગણતા એક પોઈન્ટ માટે૩(ત્રણ) ગાર્ડ રાખવાના રહેશે. જે ૦૧(એક) પોઈન્ટ તરીકે ગણત્રીમાં લેવાશે. જેનો સમય <u>પ્રથમ ગાર્ડનો સમય</u> સવારે ૦૬.૦૦ થી બપોરના ૦૨.૦૦ સુધી, <u>બીજા ગાર્ડનો સમય</u> બપોરે ૦૨.૦૦ થી રાત્રે૧૦.૦૦ અને <u>ત્રીજા ગાર્ડનો સમય</u> રાત્રે૧૦.૦૦ થી સવારે ૦૬.૦૦ વાગ્યા સુધીનો રહેશે. આ રીતે સિકયુરીટી ગાર્ડએ ફરજ બજાવવાની રહેશે. દરેક ગાર્ડને અઠવાડીયામાં એક દિવસની રજા નિયમોનુસાર આપવાની રહેશે અને એક ગાર્ડ પાસે ૦૮:૦૦ કલાકથી વધારે સમયની કામગીરી કરાવી શકાશે નહી. જેથી નિયત કરેલ દરેક પોંઈન્ટ પર જરૂરી ગાર્ડની સંખ્યા ઉપરાંતના વધારાના ગાર્ડ રોકવાના થશે. વધારાના ગાર્ડ માટે નિયત ગાર્ડ માટે જે ધારાધોરણ નકકી કરવામાં આવેલ તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે. પોઈન્ટની વિગત **(પરિશિષ્ટ–અ)** માં જણાવવામાં આવેલ છે. |
| ૩ | "સિકયુરીટી કંપની" ને આપની સેવા બદલ ચુકવવાપાત્ર થતી એક માસની રકમ સિકયુરીટી ડીપોઝીટ તરીકે એકી સાથે સેવા સંભાળ્યાના રોજ ભરવાની રહેશે. જો સિકયુરીટી ડીપોઝીટ જમા કરાવવામાં નહીં આવે તો તેમનો ઓર્ડર રદ કરવામાં આવશે અને તેની અર્નેસ્ટ મની ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે. ત્યારબાદ યુનિવર્સિટી ધ્વારા નિમાયેલ કમીટી / "યુનિવર્સિટી" નકકી કરે તે પાર્ટીને ઓર્ડર આપવામાં આવશે. |
| ૪ | "સિકયુરીટી કંપની" એ દર માસનું બિલ જે તે કચેરી ખાતે મહીનો પુર્ણ થાય કે તાઃ૦૧ થી ૦૩ સુધીમાં પોઈન્ટના દર મુજબ બીલ બનાવી ત્રણ નકલમાં રજુ કરવાનું રહેશે અને ગાર્ડને મોડામાં મોડુ તારીખ.૦૭ સુધીમાં ચુકવણું કરવાનું રહેશે. મુખ્ય કેન્દ્રનું બિલ કુલસચિવશ્રીની કચેરી, નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારીમાં રજુ કરવાનું રહેશે. |

23-9-15

કુલસચિવ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી – ૩૯૬ ૪૫૦.

NAVSARI AGRICULTURE UNIVERSITY NAVSARI

SAI SECURITY ORGANIZATION * SURAT *

For, Sai Security Organization

Proprietor

NOTARY PARIMAL P. VAIDYA NAVSARI DISTRICT REG. NO. 1012 GOVERNMENT OF GUJARAT (INDIA)

| | |
|---|---|
| ૫ | "સિકયુરીટી કંપની" જે તે કચેરીએ સિકયુરીટી સ્ટાફના તમામ ગાર્ડના વેતનનું ચુકવણું બેંક ખાતા મારફત કરવાનું હોવાથી જરૂરી ગાર્ડ રાખીને તમામના ખાતા બેંકમાં ખોલાવી ગાર્ડના નામ, સરનામા, ફોટોગ્રાફસ અને એકાઉન્ટ નંબર સાથેની વિગત કુલસચિવશ્રીની કચેરીમાં રજુ કરવાની રહેશે. નવસારી સિવાયના કેન્દ્રોની નકલ પણ"યુનિવર્સિટી" ને આપવાની રહેશે. |
| ૬ | સિકયુરીટી સેવાના સમય દરમ્યાન "યુનિવર્સિટી" માં ઉપર જણાવેલ મુખ્ય મથક અને ૧૪ (ચૌદ) પેટા કેન્દ્રોની આવેલ તમામ સ્થાવર જંગમ મિલ્કતો, ઉભા પાકો, ઘાસચારો, પશુધન તથા અન્ય તમામ રહેણાંકના મકાનો સહિતની મિલ્કતોની ચોરી, લુટફાટ, ધાડ, હાથચાલાકી, ડુકકર, ગાય, ભેંસ, બકરી, વાંદરા તથા અન્ય પ્રાણીઓથી બચાવી સંરક્ષણની સંપુર્ણ દેખરેખ તથા વ્યવસ્થા રાખશે. સિકયુરીટી વ્યવસ્થા દરમ્યાન ચોરી, નુકશાની વગેરેને જે તે ફાર્મ, કચેરી તથા કેમ્પસ વિસ્તારમાં રહેતા અધિકારી/કર્મચારીઓ તરફથી રજુ થયેલ રિપોર્ટ મુજબની નુકશાનીની રકમ જે તે"સિકયુરીટી કંપની" ના માસિક બીલમાંથી કપાત કરી ચુકવણી કરવામાં આવશે. આ અંગે વિવાદ ઉભો થશે તો તે અંગેનો આખરી નિર્ણય નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની સિકયુરીટી કમીટી / કુલપતિશ્રી કરશે અને તે"સિકયુરીટી કંપની" ને બંધનકર્તા રહેશે. સિકયુરીટી કંપનીના ગાર્ડે તેમની ફરજ નિષ્ઠાથી અને બિન કેફી હાલતમાં બજાવવાની રહેશે. આ સેવા બજાવવામાં નિષ્ફળ જાય અને તેના પરિણામે 'પરિશિષ્ટ–અ' મુજબના ઝોન ૦૧ અને ૦૨ માં દર્શાવેલ કેન્દ્રોમાં યુનિવર્સિટીની કોઈપણ માલ મિલ્કતને સંપુર્ણ અથવા અંશતઃ નુકશાની થશે તો તેના તમામ નાણાં સિકયુરીટી કંપનીએ યુનિવર્સિટીને તુર્તજ રોકડેથી ભરપાઈ કરવાના રહેશે. થયેલ નુકશાનીની રકમ યુનિવર્સિટીને ભરપાઈ થયા બાદ જ સિકયુરીટી કંપનીને જે તે માસનું બીલ મંજુર કરવામાં આવશે. |
| ૬.અ | વસુલાતની રકમ દિવસ ૧૫(પંદર)માં જમા ન કરાવે તો કરારની શરતોનો ભંગ થયેલ માની "સિકયુરીટી કંપની" ની પુરેપુરી સિકયુરીટી ડીપોઝીટ જપ્ત કરી સંપુર્ણ કોન્ટ્રાકટ રદ કરવામાં આવશે. નુકશાનીની રકમ અંગે કોઈ તકરાર જો ઉપસ્થિત થશે તો આ અંગે સિકયુરીટી સમિતિએ યોગ્ય નિર્ણય લેવાનો રહેશે. આ અંગેનો આખરી નિર્ણય યુનિવર્સિટીના કુલપતિશ્રીનો રહેશે જે નિર્ણય "સિકયુરીટી કંપની" ને બંધનકર્તા રહેશે. |
| ૬.બ | કોન્ટ્રાકટ સમય દરમ્યાન યુનિવર્સિટીની કોઈપણ માલ મિલ્કતને સંપુર્ણ અથવા અંશતઃ નુકશાન થયેલ હોય કે યુનિવર્સિટીના મથકો પર કોઇપણ જાતની ગુનાહીત પ્રવૃતિ/અનિચ્છનીય બનાવ ધ્યાન પર આવે તો યુનિવર્સિટીના અધિકારીશ્રીને વિશ્વાસમાં લઈ જરૂરી પોલીસ ફરિયાદ "સિકયુરીટી કંપની"એ તાત્કાલીક નોંધાવાની રહેશે. આ બાબતે કોઈપણ કાયદાકીય પ્રક્રિયા/કોર્ટ કેસ વિગરે બાબતની સંપુર્ણ જવાબદારી "સિકયુરીટી કંપની"ની રહેશે. |
| ૬.ક | "યુનિવર્સિટી"ના કોઈપણ કેન્દ્ર પર જેતે અધિકારી દ્વારા આકસ્મિક ચકાસણી કરતા જરૂરી ગાર્ડની સંખ્યા અથવા ફરજ દરમ્યાન જે તે પોંઈન્ટ પર ગાર્ડ ગેરહાજર માલુમ પડે તો જે તે અધિકારીના રીપોર્ટ મુજબ સિકયુરીટી કંપની પાસેથી ગાર્ડની ગેરહાજરી બદલ વેતનની કપાત કરવામાં આવશે. |

૨૩-૭-૧૫
કુલસચિવ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી – ૩૯૬ ૪૫૦.

NAVSARI AGRICULTURE UNIVERSITY NAVSARI

SAI SECURITY ORGANIZATION * SURAT *



For, Sai Security Organization
Proprietor

| | |
|---|---|
| ૭ | ''યુનિવર્સિટી''ના મુખ્ય મથક અને પેટા કેન્દ્રો ઉપર ''સિકયુરીટી કંપની'' સિકયુરીટી સ્ટાફમાં સ્થાનિક વ્યકિતઓને ન રાખતાં ચપળ, હોશિયાર, શિસ્તબધ્ધ, સશકત, તાલીમ પામેલા, અનુભવી ગાર્ડ, ઘોડે સવાર ગાર્ડ, વાહન ચલાવી શકે, અને સિકયુરીટી કામગીરીના અનુભવી ગાર્ડ મુકવાના રહેશે. જરૂર જણાય તો જિલ્લા કે રાજય બહારની વ્યકિતઓને રાખવા. જેની સમ્પુર્ણ માહિતી નજીકના પોલીસ સ્ટેશનમાં આપવાની જવાબદારી ''સિકયુરીટી કંપની'' ની રહેશે. ચોરી, લટુફાટ કે અન્ય કોઈ રીતે યુનિવર્સિટીની માલ–મિલ્કતને જો કોઈ પણ નુકશાન થાય તો તેની સંપૂર્ણ જવાબદારી ''સિકયુરીટી કંપની'' ની રહેશે. ઉમર વર્ષ ૧૮ થી ૫૮ સુધીના ઈસમોને ગાર્ડ તરીકે રાખવાના રહેશે. વર્ષ ૧૮ થી ઓછી અને ૫૮ થી વધારે ઉમરના ગાર્ડ ધ્યાન પર આવશે તો જે તે માસનો વેતન કાપી લેવામાં આવશે. આ બાબતે કોઈ પણ પ્રકારેની કાયદાકીય ગુંચ ઉપસ્થિત થશે તો તેની જવાબદારી ''સિકયુરીટી કંપની'' ની રહેશે. |
| ૮ | '' સિકયુરીટી કંપની'' તરફથી રાખવામાં આવેલ સ્ટાફ માટે લેબર લાયસન્સ મેળવવાની / રીન્યુ કરાવવાની તમામ જવાબદારી ''સિકયુરીટી કંપની''ની રહેશે અને તેની જાણ કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની કચેરીને કરવાની રહેશે. |
| ૯ | ''સિકયુરીટી કંપની'' એ સરકારશ્રીના નિયમો મુજબ તેના ગાર્ડોને લઘુત્તમ વેતન ધારા મુજબ કોન્ટ્રાકટ મજુર (નિયમ અને નાબુદી અધિનિયમ,૧૯૭૦ અને કોન્ટ્રાકટ મજુર (નિયમ અને નાબુદી) (ગુજરાત નિયમો,૧૯૭૨) એકટ મુજબ વેતનની ચુકવણી કરવાની રહેશે. આ માટે લેબર કોન્ટ્રાકટ એકટનો નમુનો–૨૪ (નિયમ ૮૨(૧),નમુનો–૧૨(નિયમ ૭૪) કોન્ટ્રાકટરોની વિગતોનું રજીસ્ટર, નમુનો–૧૩(નિયમ–૭૫) કોન્ટ્રાકટરે/સિકયુરીટી કંપનીએ કામે રાખેલ કામદારોનું રજીસ્ટર અચુક રાખવાનું રહેશે. જે તે માસની તારીખ–૧૫ સુધીમાં ગાર્ડને ચુકવણી કરેલ હોય તેની બેંક સ્ટેટમેન્ટની ફોટો કોપી નવસારીના મુખ્ય મથકની નકલ કુલસચિવ, નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારીની કચેરીએ રજુ કરવાની રહેશે અને બહારના કેન્દ્રની નકલ જે તે કચેરીમાં આપવાની રહેશે. બહારના કેન્દ્રોની એક નકલ કુલસચિવશ્રીની કચેરી,નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીને પણ અચુક મોકલવાની રહેશે. |
| ૧૦ | સદર કોન્ટ્રાકટ આપને આપવામાં આવેલ હોય જેથી આપના તરફથી જ સિકયુરીટી સેવા આપવાની રહેશે, કોઈપણ સંજોગોમાં પેટા કોન્ટ્રાકટ આપી શકાશે નહી. જો તેમ થયેલ માલુમ પડશે તો **તાત્કાલીક અસરથી કરાર રદ કરવામાં આવશે અને સિકયુરીટી ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.** |
| ૧૧ | ''સિકયુરીટી કંપની'' એ સિકયુરીટી સેવા માટે આવશયક ચીજ વસ્તુઓ જેવી કે ફરજ ઉપર કર્મચારીનો સંપૂર્ણ ગણવેશ, લાકડી, ટોર્ચ, વ્હીસલ, ફોટા સાથેનું ઓળખપત્ર કે જરૂરી લાગે તેવા વાહનો/સાધનો ''સિકયુરીટી કંપની'' એ સિકયુરીટી ગાર્ડને પુરા પાડવાના રહેશે. આ સાધનો પુરા પાડવાની જવાબદારી ''યુનિવર્સિટી'' ની રહેશે નહી. સિકયુરીટી સ્ટાફનું દિવસે અને રાત્રિ માં ચેકીંગ ''સિકયુરીટી કંપની'' એ પોતાના ખર્ચે કરવાનું રહેશે. આ માટે '' યુનિવર્સિટી'' કોઈપણ પ્રકારનો ખર્ચ ભોગવશે નહી. |

23-7-15
કુલસચિવ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી – ૩૯૬ ૪૫૦.

For, Sai Security Organization

Proprietor

| | |
|---|---|
| ૧૨ | "સિકયુરીટી કંપની" એ સિકયુરીટી સેવા માટે રોકવામાં આવેલ ગાર્ડના નામ, સરનામા, ઉંમરના પુરાવા, ફોટા સહિતના ઓળખપત્રો કચેરીમાં રજુ કરવાના રહેશે તેમજ તેવી જ વિગતો સહિતનું ઓળખકાર્ડ સિકયુરીટી ગાર્ડને આપવાનું રહેશે. રોકેલ ગાર્ડ સારી ચાલ–ચલગતવાળા હોવા જોઈએ. કોઈપણ પ્રકારના ગુનેગાર કે ગુનાહીત પ્રવૃત્તિમાં સંડોવાયેલા ન હોવા જોઈએ. તેમજ સેવાકાળ દરમ્યાન તેમની પ્રવૃત્તિ યુનિવર્સિટીને નુકશાનકારક / શંકાશીલ કે દેશદ્રોહી ન હોય તે જોવાની જવાબદારી "સિકયુરીટી કંપની"ની રહેશે. કોન્ટ્રાકટરે રોકેલ ગાર્ડની વર્તણુંકથી જો યુનિવર્સિટીને કોઈપણ પ્રકારનું નુકશાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી "સિકયુરીટી કંપની"ની રહેશે. ટૂંકમાં સેવાકાળ દરમ્યાન "સિકયુરીટી કંપની" રોકેલ ગાર્ડની સંપૂર્ણ જવાબદારી "સિકયુરીટી કંપની" ની રહેશે. કોન્ટ્રકટ સમયગાળા દરમ્યાન સ્ટાફમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો તેની માહિતી, ફેરફાર કર્યાના **દિવસઃ– ૨(બે)** માં કચેરીમાં રજુ કરવાની રહેશે. |
| ૧૩ | સરકારશ્રીના કાયદા મુજબ સિકયુરીટી સેવા માટે " સિકયુરીટી કંપની" એ રોકેલ સ્ટાફને ચુકવવાપાત્ર થતા માસિક વેતન, મોંઘવારી ભથ્થુ, અન્ય ભથ્થાઓ, પી.એફ, પેન્શન, ગ્રેજયુઈટી વિગેરે બાબતો અંગેની તમામ જવાબદારી "સિકયુરીટી કંપની" ની રહેશે. જો કોઈ સંજોગોમાં સિકયુરીટી સ્ટાફ નોકરીમાંથી છુટો કરવા સબંધે કે હકકોના નાણાં સંબધે "યુનિવર્સિટી"ને પક્ષકાર બનાવી કોઈ કેસ કે ફરીયાદ કરે તો તે અંગેની તમામ જવાબદારી " સિકયુરીટી કંપની" ની રહેશે. આ સંબધે "યુનિવર્સિટી"ની કોઈ જવાબદારી રહેશે નહી. |
| ૧૪ | "સિકયુરીટી કંપની" એ માસિક પેમેન્ટ વખતે સિકયુરીટીના બીલમાંથી સરકારશ્રીના દર મુજબ ઈન્કમટેક્ષ તથા નિયમોનુસારનો તેના ઉપરનો સરચાર્જ કાપી લેવામાં આવશે અને સર્વિસ ટેક્ષની રકમને સરકારશ્રીમાં જમાં કરાવવાની જવાબદારી "સિકયુરીટી કંપની"ની રહેશે જેની ફોટો કોપી દર માસે "યુનિવર્સિટી"ને (કુલસચિવશ્રીની કચેરી) આપવાની રહેશે. જો આ નકલ આપવામાં નહિ આવે તો જે તે માસનુ ચુકવણું અટકાવવામાં આવશે. |
| ૧૫ | "સિકયુરીટી કંપની" હેઠળના સ્ટાફ કે ગાર્ડને ચાલુ ફરજ દરમ્યાન કોઈ પણ પ્રકારની બીમારી થાય તો તેની સારવાર માટેનો ખર્ચ કરવો પડે તો કે કોઈ પણ અકસ્માત થાય કે ઝેરી જાનવર કે જીવજંતુ કરડવાથી સારવાર લેવાની થાય કે મુત્યુ અથવા તો યુનિવર્સિટીની મિલ્કતના રક્ષણ માટે કોઈપણ વ્યકિત કે વ્યકિતઓ સાથે અથડામણ દરમ્યાન ઈજા કે મુત્યુ થાય અથવા અથડામણ દરમ્યાન સામી વ્યકિત કે વ્યકિતઓને ઈજા કે મુત્યુ થાય તો **"વર્કમેન્સ કોમ્પન્સેશન એકટ"** હેઠળ જે વળતર ચુકવવાનું થાય તે નાણાં ચુકવવાની જવાબદારી "સિકયુરીટી કંપની" ની રહેશે. |
| ૧૬ | "સિકયુરીટી કંપની" ના કરારના સમયગાળા દરમ્યાન કંપનીએ સુરક્ષા માટે રોકવામાં આવેલ સ્ટાફ કોઈપણ પ્રકારે પશુ–પક્ષી કે પ્રાણીઓ પાળી શકશે નહી અને જયાં રહેતા હોય ત્યાં શાકભાજી અથવા કોઈ પણ જાતના ઝાડનું રોપાણ કરી શકશે નહી. |

૨૩-૭-૧૬
કુલસચિવ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી – ૩૯૬ ૪૫૦.

For, Sai Security Organization
Proprietor

NOTARY PARTHIVAL P. VAIDYA NAVSARI DISTRICT REG. NO. 1012 GOVERNMENT OF GUJARAT (INDIA)

| | |
|---|---|
| ૧૭ | "સિકયુરીટી કંપની"તરફથી લેવામાં આવેલ સિકયુરીટી ડીપોઝીટ સેવાકાળ પુર્ણ થયા બાદ પરત કરવામાં આવશે. સંજોગોવસાત ચુકવણું કરવાનું મોડું થાય તો પાર્ટી તે બદલ વ્યાજનો કલેઈમ કરી શકશે નહીં. |
| ૧૮ | "સિકયુરીટી કંપની" દ્વારા સિકયુરીટી સેવા માટે રોકવામાં આવેલ સ્ટાફ યા ગાર્ડ કોઈપણ રીતે "યુનિવર્સિટી" કર્મચારી ગણાશે નહી તેમજ "યુનિવર્સિટી" સાથે માલિક અને કામદારના સબંધો પ્રસ્થાપિત થશે નહી. તે મુજબ " યુનિવર્સિટી"ના કર્મચારીઓને મળતાં વેતન યા ભથ્થાની માંગણી કોઈપણ રીતે યા પ્રકારે કરી શકશે નહી. આ સબંધે કોઈપણ વિવાદ ઉપસ્થિત થાય તો તેની સંપૂર્ણ જવાબદારી "સિકયુરીટી કંપની"ની રહેશે. "યુનિવર્સિટી" ને લાગુ પડતાં તમામ મજુર કાયદાઓ મુજબના લાભો સિકયુરીટી સ્ટાફ યા ગાર્ડને આપવાની સંપૂર્ણ જવાબદારી " સિકયુરીટી કંપની" ની રહેશે. |
| ૧૯ | "સિકયુરીટી કંપની" એ ટેન્ડરની શરતો તેમજ "સિકયુરીટી કંપની"તરફથી રજુ કરેલ પત્રમાં અપાયેલ બાંહેધરી મુજબ કોન્ટ્રાકટ મળ્યાથી દિન–૮(આઠ)માં સરકારી ધારા–ધોરણ મુજબના સ્ટેમ્પ પેપર ઉપર નીચે સહી કરનારની હાજરીમાં એગ્રીમેન્ટ કરવાનું રહેશે. કોન્ટ્રાકટના સમયગાળા દરમ્યાન સરકારશ્રી દ્વારા લઘુત્તમ વેતનધારાના દરોમાં જે કોઈ વખતોવખત સુધારા કરવામાં આવશે તો સિકયુરીટી કંપની દ્વારા જે ગાર્ડ(સ્ટાફ) રોકવામાં આવેલ છે તેઓને તે મુજબનો વધારો "યુનિવર્સિટી" દ્વારા ચુકવવામાં આવશે. જે વધારો " સિકયુરીટી કંપની" ગાર્ડ(સ્ટાફ)ના બેંકખાતામાં જમા કરાવશે અને તેની જાણ "યુનિવર્સિટી" ને કરશે. સિકયુરીટીનો કરાર પુર્ણ થયા બાદ જો કોઈ વધારો ચુકવવાનો થાય તો તેની ચુકવણી કરવાની જવાબદારી "યુનિવર્સિટી" ની રહેશે નહી. તેની સંપુર્ણ જવાબદારી "સિકયુરીટી કંપની" ની રહેશે. તેમજ તે અંગે "યુનિવર્સિટી" દ્વારા કોઈપણ પ્રકારનું ચુકવણું કરવામાં આવશે નહી. આ માટે "સીકયુરીટી કંપની" એ જ ચુકવણી કરવાની રહેશે. આ અંગે"યુનિવર્સિટી" પાસેથી કોઈ માંગણી "સિકયુરીટી કંપની" કે કંપની તરફથી રોકવામાં આવેલ સ્ટાફ કરશે નહીં તેની બાંહેધરી અલગથી રૂા.૧૦૦/–(અંકે રૂપિયા એકસો પુરા) ની કિંમતના સ્ટેમ્પ પેપર ઉપર નોટરી કરાવી આપવાની રહેશે. |
| ૨૦ | "સિકયુરીટી કંપની" એ સંરક્ષણ વ્યવસ્થા માટે રોકવામાં આવેલ સ્ટાફનો પ્રોવીડન્ટ ફંડની કપાતની તેમજ સમુહ વિમો લેવાનો અને તેના કપાતના આધારની ફોટો કોપી "યુનિવર્સિટી" ને દર માસે અચુક રજુ કરવાનું રહેશે. જો આ નકલ આપવામાં નહિ આવે તો જે તે માસનુ ચુકવણું અટકાવવામાં આવશે. |
| ૨૧ | "સિકયુરીટી કંપની" એ સ્ટાફનાં વેતન ચુકવણી અંગેનું તેમજ આ માટે રોકવામાં આવેલ સ્ટાફનું તમામ રેકર્ડ અને રજીસ્ટરો પ્રવર્તમાન મજુર કાયદા મુજબ નિભાવવાના રહેશે અને તે અંગેની સંપૂર્ણ જવાબદારી "સિકયુરીટી કંપની"ની રહેશે. આ અંગે સરકારશ્રીના મજુર અધિકારીશ્રી કે મદદનીશ મજુર કમિશનરશ્રીની કચેરી તરફથી કોઈ માહિતી માંગવામાં આવે ત્યારે તે તમામ પુરી પાડવાની રહેશે અને રેકર્ડ કે સંલગ્ન રજીસ્ટરોની ચકાસણી કરવાનો "યુનિવર્સિટી" ને પણ અધિકાર રહેશે. |

કુલસચિવ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી – ૩૯૬ ૪૫૦.

NAVSARI AGRICULTURE UNIVERSITY

SECURITY ORGANIZATION

For, Sai Security Organization
Proprietor

| | |
|---|---|
| ૨૨ | કરારની શરતો પૈકી કોઈપણ શરતનું અર્થઘટન બાબતે કે બીજી કોઈ બાબતમાં વિવાદ ઉભો થાય તો તે બાબતમાં સિક્યુરીટી સમિતિ અને ત્યારબાદ કુલપતિશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીનો નિર્ણય આખરી ગણાશે અને તે "સિક્યુરીટી કંપની" ને બંધનકર્તા રહેશે. આ અંગેનો કોઈ કાનુની વિવાદ ઉપસ્થિત થાય તો કંપની તકરાર અંગેનો દાવો ફકત નવસારીની કોર્ટમાં જ દાખલ કરી શકશે. |
| ૨૩ | "સિક્યુરીટી કંપની"ને ભાડામુકત કેબિન આપવામાં આવશે. જેના લાઈટ બીલ, ટેલીફોનનો ખર્ચ "સિક્યુરીટી કંપની" એ ભોગવવાનો રહેશે. સિક્યુરીટી ઓફિસરને રહેણાંક માટે મુખ્ય કેન્દ્ર ખાતે કવાર્ટર "બી–૧" માં ફાળવી આપવામાં આવશે. જેનું યુનિવર્સિટીના નિયમ પ્રમાણેનું ભાડું કાર્યપાલક ઈજનેરશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની કચેરીમાં રોકડે થી દર માસે ૧૦મી તારીખ સુધીમાં અચુક ભરવાનું રહેશે. |
| ૨૪ | "સિક્યુરીટી કંપની" એ રોકેલ સિક્યુરીટી સ્ટાફના કારણે જો કોઈ ગૂંચવણ ભર્યા પ્રશ્નો ઉપસ્થિત થાય કે કોઈ કાયદાકીય ગૂંચવણ ઉપસ્થિત થાય તો તેનું સંપૂર્ણ નિરાકરણ કરાવવાની જવાબદારી "સિક્યુરીટી કંપની"ની રહેશે. |

ઉપર મુજબનો કરાર અનુક્રમ નં. ૦૧ થી ૨૪ અમો પક્ષકારોએ વાંચી–વંચાવી, સમજી વિચારીને કોઈપણ જાતના દાબ–દબાણ સિવાય, બિન કેફી હાલતમાં મગજની તંદુરસ્ત અવસ્થામાં સાક્ષીની હાજરીમાં કર્યા છે જે અમોને કબુલ મંજુર તથા બંધનકર્તા છે.

2 4 SEP 2015

**"સિક્યુરીટી કંપની"(પ્રથમ પક્ષકાર)**

For, Sai Security Organization

સહી :– [signature] Proprietor

નામ અને પુરેપુરૂ સરનામઃ– RAJveeRSINGH SAISECURITY orgaueh U/G32,33 SANGHVI TOW N.S. AdAjAN SURAT

ટેલીફોન / મોબાઈલ : 9824111062

ઈ–મેલ એડ્રેસ rajveer4070@hotmail.com


સિલઃ– SAI SECURITY ORGANIZATION

X Mulayam Singh Shivani Tarw Kosharba market Katargam Surat witness

**"યુનિવર્સિટી" (બીજા પક્ષકાર) નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી વતી.**

[signature]

ઈ/ચા.કુલસચિવ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી.



નવસારી
તારીખઃ ૨૩ /૦૯/૨૦૧૫

BEFORE ME
PARIMAL P. VAIDYA
ADVOCATE & NOTARY NAVSARI DIST
REGD. NO. 1012
GOVT. OF GUJARAT (INDIA)
SL NO. 6157/2015
DATE:- 2 4 SEP 2015
MY COMMISSION EXPIRES
DATAD: 07/02/2020

NOTARY
NOTARIAL

(પરિશિષ્ટ–અ)

## નવસારી કૃષિ યુનિવર્સિટીના ઝોન–૦૧ અને ઝોન–૦૨માં આવતા સ્થળોમાં પોઈન્ટની વિગત દર્શાવતુ પત્રક (મુખ્ય મથક અને +૧૪ પેટા કેન્દ્ર કુલઃ–૧૫ સ્થળ)

| ક્રમ | સ્થળની વિગત ઝોનઃ–૧ | કુલ પોઈન્ટની વિગત |
|---|---|---|
| ૧. | ૨ | ૩. |
| ૧ | સંશોધન વૈજ્ઞાનિક(કપાસ), મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, અઠવા ફાર્મ, સુરત | ૦૨ |
| | સંશોધન વૈજ્ઞાનિક(જુવાર), જુવાર સંશોધન કેન્દ્ર, અઠવા ફાર્મ, સુરત | ૦૧ |
| | આચાર્ય, ગુજરાત બાયોટેકનોલોજી ઈન્સ્ટીટયુટ, અઠવા ફાર્મ, સુરત | ૦૨+૧(×) |
| (×) ગુજરાત બાયોટેકનોલોજી ઈન્સ્ટીટયુટ બિલ્ડીંગની સંભાળ માટે તા. ૨૫.૮.૧૫ થી તા. ૨૪.૧૦.૧૫ સુધી એક કામચલાઉ વધારાનો પોઈન્ટ આપવામાં આવેલ છે. | | (૫+૧=૬) |
| | કુલ ઝોનઃ–૦૧નો સરવાળો :– (૫+૧=૬) | |

| ક્રમ | સ્થળની વિગત ઝોનઃ–૨ | કુલ પોઈન્ટની વિગત |
|---|---|---|
| ૧ | ગેટનં.૧ (આચાર્યશ્રીના બંગલા અને એ.ટી.એમ. આગળ) | ૦૧ |
| | ગેટનં.૨ (ન.મ. કૃષિ મહાવિદ્યાલય આગળનો મુખ્ય ગેટ) | ૦૧ |
| | મા.કુલપતિશ્રીના નિવાસ સ્થાને | ૦૧ |
| | યુનિવર્સિટી ભવન ખાતે. | ૦૧ |
| | પોલીટેકનીક (બાગાયત)ના મુખ્ય દરવાજા સામે અને વેટરનરી દવાખાનું | ૦૧ |
| | વેટરનરી દવાખાના ખાતે (ઉકત પોઈન્ટનું બીલ વેટરનરી કોલેજમાં આપવાનું રહેશે.) | ૦૧ |
| | અસ્પી બાગાયત–વ–વનિય કોલેજના ફાર્મ દાંડીરોડ અને જી–બ્લોક (*) કેરીના સીઝન દરમ્યાન કામ ચલાઉ એક વધારાનો પોઈન્ટ. | ૦૧+૧ (*) |
| | ગર્લ્સ હોસ્ટેલ ખાતે (#) તા.૧.૫.૧૫થી કામ ચલાઉ વધારેનો પોઈન્ટ આપવામાં આવેલ છે. | ૦૧+૧ (#) |
| | હોર્ટીકલ્ચર, નવનિત, નવરત્ન, નવજયોત હોસ્ટેલ ખાતે. (સ્નાતક કક્ષાની હોસ્ટેલ) | ૦૧ |
| | ઓનીયન ડીહાઇડ્રેશન પ્લાન્ટ સંકુલ ખાતે, કે.વી.કે, ઓર્ગેનીક ફાર્મની ચોકડી, જળ જમીન ફાર્મ અને એફ બ્લોક. | ૦૧ |
| | વેટરનરી કોલેજ બિલ્ડીંગ અને હોસ્ટેલ. | ૦૧ |
| | ફાર્મ મેનેજરની કચેરી, ડેરી યુનિટ અને સી બ્લોક. | ૦૧ |
| | શેરડી સંશોધન ફાર્મ અને પી.સી.પી.ફાર્મ. | ૦૧ |
| | એ–બ્લોક, મેંગો અને અન્ય પ્લાન્ટેશન એરીયા. | ૦૧ |
| નવસારીના મુખ્ય મથક ખાતે કુલઃ– (૧૪+ ૦૧* + ૦૧# = ૧૬) | | (૧૪+૨=૧૬) |
| ૨ | સહ સંશોધન વૈજ્ઞાનિક(ફળ), ન.કૃ.યુ.ગણદેવી. | ૦૧ |
| ૩ | સહ સંશોધન વૈજ્ઞાનિક, દાંતી–ઉભરાંટ.જી.નવસારી. | ૦૨ |



૨૩-૯-૧૫
કુલસચિવ
નવસારી કૃષિ યુનિવર્સિટી

For, Sai Security Organization
Proprietor

| ક્રમ | સ્થળની વિગત ઝોન:-૨ | કુલ પોઈન્ટની વિગત |
|---|---|---|
| | આગળના પાનનો સરવાળો:- | ૧૯ |
| ૪ | સહ સંશોધન વૈજ્ઞાનિક, પ્રાયોગીક ચોખા સંશોધન કેન્દ્ર. વ્યારા જી.તાપી.<br>આચાર્ય,પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર,વ્યારા. જી.તાપી.<br>પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર વ્યારા જી.તાપી. | ૦૨<br>૦૨<br>૦૧ |
| ૫ | મદદ. સંશોધન વૈજ્ઞાનિક, કૃષિ સંશોધન કેન્દ્ર, માંગરોલ, જી.સુરત. | ૦૧ |
| ૬ | મદદ. સંશોધન વૈજ્ઞાનિક, ઘઉં સંશોધન કેન્દ્ર, બારડોલી.જી.સુરત | ૦૧ |
| ૭ | સંશોધન વૈજ્ઞાનિક(બાગાયત), કૃષિ પ્રાયોગિક કેન્દ્ર,ન.કૃ.યુ.પરીયા.<br>આચાર્ય, પોલીટેકનીક ઇન હોર્ટીકલ્ચર,ન.કૃ.યુ.પરીયા.<br>(*) કેરીના સીઝન દરમ્યાન કામ ચલાઉ એક વધારાનો પોઈન્ટ. | ૦૪+૦૧ (*) |
| ૮ | સહ સંશો. વૈજ્ઞાનિક,હલ્કા ધાન્ય સંશોધન કેન્દ્ર વઘઈ અને રંભાસ ફાર્મ,જી.ડાંગ.<br>આચાર્યશ્રી,કોલેજ ઓફ એગ્રીકલ્ચર,વઘઈ,જી.ડાંગ<br>આચાર્ય,પોલીટેક ઈન એગ્રીકલ્ચર, વઘઈ, જી.ડાંગ.<br>પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર વઘઈ, જી.ડાંગ. | ૦૩ |
| ૯ | સહ સંશોધન વૈજ્ઞાનિક, ખરસાણી સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ. વણારસી | ૦૧ |
| ૧૦ | આચાર્યશ્રી, કોલેજ ઓફ એગ્રીકલ્ચર, ન.કૃ.યુ. મકત્તમપુર, ભરૂચ.<br>સહ સંશોધન વૈજ્ઞાનિક,પ્રાદેશીક કપાસ સંશોધન કેન્દ્ર,ન.કૃ.યુ.મકત્તમપુર ભરૂચ.<br>સહ પ્રાધ્યાપક, એન.એ.આર.પી., ન.કૃ.યુ.મકત્તમપુર ભરૂચ.<br>આચાર્ય,પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર, ન.કૃ.યુ.મકત્તમપુર ભરૂચ. | ૦૩ |
| ૧૧ | મદદ. સંશોધન વૈજ્ઞાનિક,કપાસ સુકારા કેન્દ્ર, હાંસોટ, જી ભરૂચ. | ૦૧ |
| ૧૨ | મદદ. સંશો. વૈજ્ઞા., કૃષિ સંશોધન કેન્દ્ર, તણછા,જી ભરૂચ. | ૦૧ |
| ૧૩ | આચાર્યશ્રી કૃષિ ઈજનેરી કોલેજ અને પોલીટેકનીક કૃષિ ઇજનેરી, ડેડીયાપાડા, જી.નર્મદા<br>પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર,કે.વિ.કે., ડેડીયાપાડા,જી.નર્મદા | ૦૨ |
| ૧૪ | મદદ. સંશોધન વૈજ્ઞાનિક કપાસ સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ. અછાલીયા.<br>મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક(જળ અને જમીન), ન.કૃ.યુ. અછાલીયા<br>એન.એ.આર.પી.,ન.કૃ.યુ.અછાલીયા,જી.ભરૂચ. | ૦૩ |
| | કુલ ઝોન:-૦૨નો સરવાળો :- (૪૨+ ૨ (*)+૧ (#)=૪૫(પિસ્તાલીસ) | ૪૫ |
| | **કુલ ઝોન:-૦૧નો સરવાળો (૫+૧=૬)** | ૦૬ |
| | **કુલ ઝોન:-૦૨નો સરવાળો (૪૨+ ૨ (*)+૧ (#)=૪૫(પિસ્તાલીસ)** | ૪૫ |
| | **કુલ -૫૧ (એકાવન ) કુલ સરવાળો:-** | ૫૧ |

| | |
|---|---|
| <u>નોંધ :-</u> | **(*) કેરીની સીઝન દરમ્યાન સંબધિત ફાર્મ ખાતે એક વધારાના પોઈન્ટની આવશ્યકતા રહે છે. અત્રેથી મંજુરી આપ્યા બાદ સેવા આપવાની રહેશે.પોઈન્ટમાં વધારો અથવા કમી કરવાની સત્તા યુનિવર્સિટી દ્વારા નિમાયેલ કમીટીની મંજુરી મળેવી કુલસચિવના આબાધિત રહેશે.** |

૨૩-૯-૧૫

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી - ૩૯૬ ૪૫૦.**

For, Sai Security Organization

Proprietor